દાખલ તારીખ :- ૧૯/૧૨/૨૦૦૫
ફેંસલ તારીખ :- ૦૧/૦૧/૨૦૨૫
સમયગાળો :- વર્ષ મહિના દિવસ

**અમદાવાદ શહેરના મે. ૯ માં એડી. ચીફ જયુડીશનલ મેજીસ્ટ્રેટ શ્રી ડી.વી.પટેલ સાહેબ સમક્ષ, (કોર્ટ નં.૨૦), અમદાવાદ**

---

**ક્રિમીનલ કેસ નંબર:-૧૬૧૫/૨૦૦૫**

**આંક-૧૦**

**ફરિયાદી:** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી:** ઈશ્વરભાઈ ગોવિંદભાઈ બિહોલા, ઉ.વ.૩૫
રહે:- ૫૦૫,૫૦૬, લાયન મેટલ વર્કસ, જી.આઈ.ડી.સી.,
વટવા, અમદાવાદ

**ગુનો: ઈ.પી.કો.કલમ-૩૨૪,૨૯૪(ખ) તથા બી.પી.એકટ કલમ-૧૩૫(૧)મુજબ**

---

**ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ડી.સી.ગોસ્વામી**
**આરોપીઓ તરફે વિ.વ.શ્રી - નથી**

---

**ચુકાદો**

૧. ફરિયાદ પક્ષનાં કેસની ટુકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી તા.૦૩/૧૨/૦૫ ના કલાક ૧૭:૩૦ વાગ્યાના સુમારે લાયન મેટલ વર્કસ ફેકટરીમાં ફરિયાદી સુપર વાઈઝર તરીકે નોકરી કરતા હોય આરોપીની પત્નીને લોખંડના લોચરુનો કચરો ઉપાડવા કહેતા આરોપીની પત્નીએ નહી ઉપાડતાં ઉપાડવાનું કહેતા ફરિયાદી સાથે બોલાચાલી ઝઘડો કરી ગંદી ગાળો બોલી ફેકટરીમાં પડેલ લોખંડની પાઈપ લઈ આરોપીએ ફરિયાદીના માથામાં ડાબા કાનની ઉપર પાઈપ મારી ઈજા કરી મહે.પો. કમિ.શ્રીનાઓના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ ફરિયાદી એ ઓઢવ

સ્ટેશનમાં નોંધાવતા તેના આધારે ત.ક. અમલદારે ફ.ગુ.ર. નં.૪૭૩/૨૦૦૫ થી ફરિયાદ નોંધી તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ઈ.પી.કો.કલમ–૩૨૪,૨૯૪(ખ) તથા બી.પી.એક્ટ કલમ–૧૩૫(૧)મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલત માં કરેલ છે.

૨. આરોપીને કોર્ટથી સમન્સ ઈસ્યુ કરવામાં આવતાં જેની કાયદેસરની બજવણી આરોપીને નહી થતાં આરોપી વિરૂધ્ધ નામદાર ગુજરાત રાજયની વડી અદાલતના પરિપત્ર ક્રમાંક–૨૬૬૮/૨૦૧૬, તા.૦૫/૦૭/૨૦૧૬ માં આપવામાં આવેલ માર્ગદર્શક સૂચનાઓ લક્ષમાં લઈ, ક્રિ.પ્રો. કોડની કલમ–૨૯૯ હેઠળ તેઓની ગેરહાજરીમાં કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

૩. ફરિયાદ પક્ષે તેમનો કેસ સાબિત કરવા માટે નીચે જણાવેલ મૌખિક તથા લેખિત પુરાવો રજુ કરેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | ફરિયાદી ગોપાલભાઈ કનૈયાલાલ પારેખ ની જુબાની | આંક–૦૪ |
| ૨ | ફરિયાદ | આંક–૦૫ |
| ૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | આંક–૦૬ |
| ૪ | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું | આંક–૦૭ |
| ૫ | ફરિયાદીનું ઈજા અંગેનું મેડીકલ સર્ટીફીકેટ | આંક–૦૮ |
| ૬ | કલોઝીંગ પુરસીસ | આંક–૦૯ |

૪. આ સિવાય વધુ કોઈ પુરાવો રજુ થયેલ નથી. ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ પુરાવો ધ્યાને લેતા આરોપીનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરતો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

૫. ફરિયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી ડી.સી.ગોસ્વામીને સાંભળવામાં આવ્યા છે.

૬. સદરહું કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ**

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી તા.૦૩/૧૨/૦૫ ના કલાક ૧૭:૩૦ વાગ્યાના સુમારે લાયન મેટલ વર્કસ ફેકટરીમાં ફરિયાદી સુપર વાઈઝર તરીકે નોકરી કરતા હોય આરોપીની પત્નીને લોખંડના લોચરુનો કચરો ઉપાડવા કહેતા આરોપીની પત્નીએ નહી ઉપાડતાં ઉપાડવાનું કહેતા ફરિયાદી સાથે બોલાચાલી ઝઘડો કરી ગંદી ગાળો બોલી ફેકટરીમાં પડેલ લોખંડની પાઈપ લઈ આરોપીએ ફરિયાદીના માથામાં ડાબા કાનની ઉપર પાઈપ મારી ઈજા કરી મહે.પો. કમિ.શ્રીનાઓના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો.કલમ-૩૨૪,૨૯૪(ખ) તથા બી.પી.એકટ કલમ-૧૩૫(૧)મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**કારણો**

**મુદ્દાનં. ૧:-**

(૮) સદર કામે ફરિયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા ફરિયાદી ગોપલભાઈ કનૈયાલાલ પારેખ ને આંક-૦૪ થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે,બનાવ ૨૦૦૫ ના વર્ષમાં બનેલો. તે વખતે આરોપી સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજું કંઈ બનેલ નહી. બનાવની હકીકતો વિશે તેઓ કંઈ જાણતા નથી. બનાવ કેવી રીતે બનેલ તે વિશે કહી શકે નહી. તેઓને ફરિયાદ બતાવતા તેમાં પોતાની સાહી ઓળખી બતાવી આંક-૦૫ થી રજુ રાખેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આરોપી સાથે તેઓને સમાધાન થઈ ગયેલ છે. આમ, ફરિયાદી પોતાની ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોવાથી વિ.એ.પી.પી. શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓએ ફરિયાદપક્ષના

કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલો નથી. બચાવપક્ષ તરફે ના.કોર્ટે સી.આર.પી.સી.ની કલમ– ૨૯૯ તથા ૩૫૩(૬) મુજબનો હુકમ કરેલ કરેલ હોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૯) હાલના કામે તપાસવામાં આવેલ સાહેદની જુબાની સિવાય અન્ય કોઈ પુરાવો વિશેષ મહત્વનો રહેતો નથી. આ ઉપરાંત **૧૯૯૬(૩)ક્રાઈમ્સ પાન નં. ૮૫ ઉપર ના.સર્વોચ્ચ અદાલતે સતીષ મહેરા વિરૂઘ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને બીજાઓના ચૂકાદામાં** સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, કોઈપણ ટ્રાયલના પુરાવા દરમ્યાન કોઈપણ તબકકે જયારે અદાલત એવો અભિપ્રાય આપતી હોય કે, આ કામમાં હવે પછી વધુ સાહેદ તપાસવા તે માત્ર ઔપચારિકતા સમાન છે અને આથી વધુ સાહેદો કે તપાસ કરનાર અમલદારને તપાસવાથી કોઈ વિશેષ પુરાવો આપવા સંભવ નથી તો તેવા સંજોગોમાં પુરાવો લેવાનું બંધ રાખી અદાલતનો કિંમતી સમય દુર્વ્યય થતો અટકાવવો જોઈએ. આમ, સર્વોચ્ચ અદાલતના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લેતા તેનું મુખ્ય હાર્દ એવું જણાય છે કે, ચાર્જશીટમાં જણાવેલ તમામે તમામ સાહેદો અનિવાર્ય ન હોય તો તેઓને તપાસવા જરૂરી નથી. એટલું જ નહી, પરંતુ મહત્વના અને ચાવીરૂપ સાહેદો તપાસાઈ ગયા હોય અને તેઓની જુબાની ઘ્યાને લેતાં અદાલતને લાગે કે, વિશેષ સાહેદો તપાસવા તે ઔપચારિકતા જ છે. અને તે હકીકતે જે ઉપર મુજબ ચર્ચા કરી છે તે જોતાં સદર કામે વિશેષ પુરાવો લેવો યોગ્ય જણાયેલ નથી.

(૧૦) પોતાનો કેસ સબળ અને વિશ્વસનીય પુરાવાઓથી નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે જયારે ફરિયાદપક્ષના કેસમાં સહેજ પણ શંકા ઉપસ્થિત થાય ત્યારે તેનો લાભ આરોપીને આપવો પડે. કારણ કે, ફોજદારી પ્રક્રિયાનો આરંભ આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવામાં આવે છે. સદર કામે ફરિયાદપક્ષ તરફે રજુ પુરાવો ઘ્યાને લેતાં આ કામના ફરિયાદી પોતાના સોગંદ પરના પુરાવામાં બનાવની હકીકતો વિશે તેઓને કંઈ ખબર ન હોવાનું જણાવે છે બનાવ કેવી રીતે બનેલ તે ખબર ન હોવાનું જણાવે છે. આમ, ફરિયાદ પક્ષ એ હકીકત નિ:શંક પણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે કે, આ કામના આરોપી તા.૦૩/૧૨/૦૫ ના કલાક ૧૭:૩૦ વાગ્યાના સુમારે લાયન મેટલ વર્કસ ફેકટરીમાં ફરિયાદી સુપર વાઈઝર તરીકે નોકરી કરતા હોય આરોપીની પત્નીને લોખંડના લોચરુનો કચરો ઉપાડવા કહેતા આરોપીની પત્નીએ નહી ઉપાડતાં ઉપાડવાનું કહેતા ફરિયાદી સાથે બોલાચાલી ઝઘડો કરી ગંદી ગાળો બોલી ફેકટરીમાં પડેલ લોખંડની

પાઈપ લઈ આરોપીએ ફરિયાદીના માથામાં ડાબા કાનની ઉપર પાઈપ મારી ઈજા કરી મહે.પો. કમિ.શ્રીનાઓના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ઈ.પી.કો.કલમ–૩૨૪,૨૯૪(ખ) તથા બી.પી. એકટ કલમ–૧૩૫(૧) મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે. જે સંજોગોમાં આ કામના આરોપીઓ એ આક્ષેપો મુજબનો ગુનો આચરેલ હોય એવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી આ કામના આરોપીઓએ આક્ષેપિત ગુનાનું તહોમત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં. ૧નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુ ક મ ::**

આ કામના આરોપીઈશ્વરભાઈ ગોવિંદભાઈ બિહોલા, ઉ.વ.૩૫,રહે:– ૫૦૫,૫૦૬, લાયન મેટલ વર્કસ, જી.આઈ.ડી.સી.,વટવા, અમદાવાદનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ– ૩૨૪,૨૯૪(ખ) તથા બી.પી.એકટ કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માં ક્રિ.પ્રો.કોડ ની કલમ–૩૫૩(૬) ના પરંતુકને ધ્યાને લઈ આરોપીઓ ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું.

મુદ્દામાલ અપીલ સમય વીત્યે નિયમાનુસાર મુદ્દામાલ(લોખંડની પાઈપ) નો નાશ કરવો.

આ હુકમ આજ તારીખ–૦૧જી માહે–જાન્યુઆરી, સને–૨૦૨૫ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:–૦૧/૦૧/૨૦૨૫
અમદાવાદ

(દિલીપકુમાર વિષ્ણુપ્રસાદ પટેલ)
૯ માં એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર, (કોર્ટ નં.૨૦)
(કોડ નં.જીજે ૦૦૯૨૫)